For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

હોળીના પર્વે સુરતમાં 'માનવ મહેરામણ' : ઉધના સ્ટેશન પર શ્રમિકોની કફોડી હાલત

# શૌચાલયમાં બેસી વતન જવા શ્રમિકો મજબૂર

**શુક્રવારે** ઉધનાથી ઉપડેલી ચાર ટ્રેનોમાં અંદાજિત 10,000થી વધુ શ્રમિકો વતન રવાના થયા

**ગંદકીમાં** બેસીને 24થી 30 કલાકની લાંબી મુસાફરી

**પ્લેટફોર્મ** પર 10થી 12 કલાક વિતાવ્યા પછી પણ ટ્રેનમાં જગ્યા નથી





(તસવીર : સતીષ જાદવ)

**સુરત:** ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે ઓળખાતું સુરત શહેર આજે લાખો પરપ્રાંતિય શ્રમિકોની વેદનાનું સાક્ષી બની રહ્યું છે. રંગોના પર્વ હોળીને હવે ગણતરીના દિવસો જ બાકી છે, ત્યારે સુરતમાં સ્થાયી થયેલા ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ અને ઓડિશાના લાખો શ્રમિકોમાં વતન પહોંચવાની તત્પરતા જોવા મળી રહી છે. જેને કારણે ઉધના રેલવે સ્ટેશન પર માનવ મહેરામણ ઊમટી પડતાં ટ્રેનોમાં પગ મૂકવાની પણ જગ્યા નથી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રેલવે તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે મુસાફરોની સુવિધા માટે પૂરતી સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવશે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ છે. સુરતમાંથી અંદાજે એક થી દોઢ લાખ જેટલા શ્રમિકો એકસાથે વતનની વાટ પકડી રહ્યા હોવાથી રેલવેના તમામ આયોજનો વામણા સાબિત થયા છે. ઉધના રેલવે સ્ટેશન પર ટિકિટ વિન્ડો થી લઈને છેક પ્લેટફોર્મ સુધી માત્ર મુસાફરોના માથા જ દેખાઈ રહ્યા છે. ટ્રેનોની સંખ્યા મુસાફરોની સંખ્યા સામે

...અનુસંધાન પાના ૭ પર

### શુક્રવારે ઉધનાથી ચાર ટ્રેનમાં 10,000થી વધુ શ્રમિકો વતન રવાના થયા

આજે શુક્રવારે ઉધના સ્ટેશન થી ઉપડતી આયોધ્યા એક્સપ્રેસ , શ્રમિકોની ફેવરિટ એવી તાપ્તી ગંગા એક્સપ્રેસ, અમૃત ભારત બ્રહ્મપુર એક્સપ્રેસ અને બનારસ એક્સપ્રેસમાં ક્ષમતા કરતા ત્રણ ગણા મુસાફરો ટ્રેનમાં સવાર થયા હતા, જેના કારણે અનેક શ્રમિકોને દરવાજા પાસે લટકીને કે ગૂંગળામણ વચ્ચે મુસાફરી કરવાની ફરજ પડી હતી. RPF દ્વારા ભીડને કાબૂમાં લેવા સતત પ્રયાસો કરવામાં આવ્યા હતા, છતાં શ્રમિકો કોઈ પણ હાલાકી વેઠીને ઉત્તર પ્રદેશ અને બિહાર જવા રવાના થયા હતા.

શહેરના કરદાતાઓના પૈસાથી બની હોવાથી

# સ્મીમેરમાં 85 ટકા લોકલ સીટ માટે હવે ધારાશાસ્ત્રીઓ મેદાનમાં

**શાસકો** સુરતના કરદાતાઓ સાથે થઈ રહેલો અન્યાય ત્વરિત ઠરાવ કરીને દૂર કરી શકે છે

સુરત: શહેરના વાલીઓ અને તબીબો દ્વારા ઉઠાવવામાં આવેલા સ્મીમેર મેડિકલ કોલેજના લોકલ કોટા મુદ્દે હવે કાનૂની વર્ગે પણ મજબૂત સમર્થન આપ્યું છે. ધારાશાસ્ત્રીઓએ સ્પષ્ટ મત વ્યક્ત કર્યો છે કે શહેરના કરદાતાઓનાં નાણાંથી નિર્માણ અને સંચાલિત થતી સંસ્થામાં સ્થાનિક વિદ્યાર્થીઓને પૂરતી પ્રાથમિકતા ન આપવી એ ન્યાયસંગત નથી.

સ્મીમેર મેડિકલ કોલેજનો વહીવટ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવે છે અને સંસ્થાને રાજ્ય સરકાર તરફથી કોઈ ગ્રાન્ટ મળતી નથી. આવા સંજોગોમાં લોકલ કોટાનો હક સુરતના વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં મળવો જોઈએ એવી માંગ ઊઠી છે. હાલ ૨૫૦ સીટ પૈકી માત્ર 70 સીટ લોકલ માટે ફાળવવામાં આવે છે, જેને કાનૂની વર્ગે અસંતોષકારક ગણાવી છે. ધારાશાસ્ત્રીઓનું માનવું છે કે, કોલેજ સ્થાપનાના આરંભિક તબક્કામાં જે પ્રકારની જોગવાઈ અને માર્ગદર્શિકા હતી, તેના આધારે સ્થાનિક વિદ્યાર્થીઓને વધુ પ્રમાણમાં ૮૫ ટકા અનામત સીટો મળવી જોઈએ. શહેરના નાગરિકો

...અનુસંધાન પાના ૭ પર

### 70 નહીં, 85 ટકા હક સુરતના વિદ્યાર્થીઓને મળવો જ જોઈએ



જ્યારે કોલેજના નિર્માણ અને સંચાલનનો ખર્ચ શહેરના લોકોના ટેક્સમાંથી થાય છે, ત્યારે સુરતના જ વિદ્યાર્થીઓને તેમાં લોકલ કોટાનો હક ન આપવો એ સ્પષ્ટ અન્યાય છે. શરૂઆતમાં જે રીતે નક્કી કરાયું હતું અને સુપ્રીમ કોર્ટ દ્વારા જે માર્ગદર્શિકા આપવામાં આવી હતી, તે મુજબ સુરતને 85 ટકા લોકલ કોટો મળવો જોઈએ. હાલ ૨૫૦ પૈકી માત્ર 70 સીટ એ અન્યાય છે. રાજ્ય સરકાર અને મનપાના શાસકોને આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપી તેને ઠરાવ ઉપર લેવા જોઈએ. આ બાબત માત્ર પ્રવેશની નથી, પરંતુ સુરતના નાગરિકોના હક્ક અને ન્યાય સાથે જોડાયેલી છે. શહેરના યુવાનોને

...અનુસંધાન પાના ૭ પર

### સુરતના વિદ્યાર્થીઓને લોકલ ક્વોટાનો ન્યાયસંગત હક મળવો જ જોઈએ



સ્મીમેર કોલેજ જેનો વહીવટ સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવે છે. આ સંસ્થાને રાજય સરકાર તરફથી કોઈપણ પ્રકારની ગ્રાંટ મળતી

...અનુસંધાન પાના ૭ પર

### સુરત મ્યુનિસિપલ મેડિકલ કોલેજમાં લોકલ વિદ્યાર્થીઓને ન્યાય મળવો જ જોઈએ



સમસ્ત ભારતભરમાં મુંબઈ અને અમદાવાદ બાદ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મેડિકલ કોલેજ શરૂ કરાઈ હતી. આ એક ગૌરવની

...અનુસંધાન પાના ૭ પર

### ઘરના છોકરા ઘંટી ચાટે અને પાડોશીને આટો?



શહેરના કરદાતાઓના પૈસાથી ચાલતી મેડિકલ કોલેજમાં જો એ જ શહેરના વિદ્યાર્થીઓને પૂરતો હક અને પ્રાથમિકતા ન મળે, તો તે ચોક્કસપણે અન્યાય ગણાય. સુરતી નાગરિકો વર્ષો સુધી મહેનત કરી વેરો ભરે છે, વિકાસ માટે યોગદાન આપે છે અને એવી સંસ્થાઓ ઊભી કરે છે, જે શહેરનું ગૌરવ બને. પરંતુ જ્યારે એ સંસ્થાઓમાં લોકલ વિદ્યાર્થીઓ માટે પૂરતી વ્યવસ્થા ન હોય, ત્યારે પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે. "લોકલ-વોકલ"ના યુગમાં, સ્થાનિક હિતને પ્રથમ પ્રાથમિકતા આપવી જોઈએ. આવા મુદ્દે શાસકોએ તાત્કાલિક પુનર્વિચાર કરવો જોઈએ. શહેરના હિત અને યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને

...અનુસંધાન પાના ૭ પર

# રશ્મિકા મંદાનાના હાથે મહેંદી સુરતની આર્ટિસ્ટે લગાવી





(તસવીર : હેમંત ડેરે)

**રશ્મિકાએ** મહેંદીમાં એક તરફ ઓમ અને બીજી તરફ પાર્વતીનું લખાણ દોરાવ્યું છે

**પહેલા** શબ્દ હતા 'મારી મહેંદી જુઓ, તમારા બધા કરતાં સારી છે'

ગુજરાતમિત્ર વિશેષ

સુરત : છેલ્લા કેટલાક દિવસથી બોલિવુડની સ્ટાર રશ્મીકા મંદાના અને વિજય દેવરકૌંડાનો લગ્ન સમારોહ ભારતભરમાં છવાયો છે. જો કે આ લગ્ન સમારોહમાં સુરતનો પણ રોલ છે. તે એ રીતે છે કે રશ્મીકાના હાથ ઉપર જે મહેંદી લાગી છે તે સુરતની આર્ટિસ્ટે લગાવી છે. દેશના અનેક ટેડેક્સ સ્પીકરમાંથી સુરતની સોનમ મિસ્ત્રી પર તેણે પસંદગી ઉતારી હતી. તેમના જણાવ્યા અનુસાર મંદાનાએ હાથમાં એક તરફ ઓમ અને બીજી તરફ પાર્વતીનું લખાણ દોરાવ્યું છે.

મહેંદી મૂકાયા પછી તેના પહેલા શબ્દ હતા 'મારી મહેંદી જુઓ, તમારા બધા કરતાં સારી છે.' જો કે આ વાક્ય તે કન્નડમાં બોલી હતી.

આ એક્ટ્રેસને મહેંદી મૂકનાર સોનમ મિસ્ત્રી સુરતમાં જ મારવાડી પરિવારમાં જન્મ્યા છે અને અહીં જ મોટા થયા છે. તેમણે કહ્યું હતું કે મારવાડી હોવાથી તેમના જીન્સમાં જ મહેંદી આવી હતી. તેમણે કહ્યું હતું કે, ત્રણ મહિના પહેલા રશ્મિકાએ તેમનો સંપર્ક કર્યો હતો. તેમને નોટ ઇન ટ્રેન્ડ અને બહુ ભરેલી મહેંદી મૂકાવવી હતી. તેના માટે તેમણે તેમનો આઇડિયા

...અનુસંધાન પાના ૭ પર

### હાથની મહેંદીની ખાસિયત

રશ્મીકાની મહેંદીની વાત કરીએ તો તેમણે મીનીમલ ડિઝાઇન પસંદ કરી હતી. જેમાં એક સાઇડ ઉપર ઓમ અને એક સાઇડ ઉપર પાર્વતી માતા દોરાવ્યા હતાં. એટલું જ નહીં તેમણે કન્નડમાં શિવ અને તામિલમાં શક્તિ લખાવ્યું હતું કારણે કે તેમના મેરેજ બંને પરંપરા અનુસાર થઇ રહ્યાં હતાં. આ ઉપરાંત હાથમાં સ્વસ્તિક, ત્રિશુળ અને કમળનો ટચ પણ આપવામાં આવ્યો હતો. અંગુઠામાં તેમણે વિજય દેવરકૌંડાનો ચહેરો દોરાવ્યો હતો. તેમણે ધાર્મિક ભાવનાથી ખૂબ જ અલગ પ્રકારની મહેંદી મૂકાવી હતી અને જ્યારે મહેદી મૂકાઇ ગઇ ત્યારે તેઓ ખૂબ જ ખુશ લાગતા હતાં

### આ કારણસર સુરતની આર્ટિસ્ટની પસંદગી કરવામાં આવી

સુરતની મહેંદી આર્ટિસ્ટ છેલ્લા દસ વર્ષથી આ ફિલ્ડમાં છે અને ક્રિટી શેનન અને નુપુર શેનનને અગાઉ મહેંદી મૂકી ચૂક્યા છે. તેમણે જીત અદાણીના લગ્નમાં પણ મહેંદી મૂકી હતી તેમજ પેરિસ, સ્પેન, બુડાપેસ્ટ જેવા આંતર રાષ્ટ્રીય કાર્યક્રમોમાં પણ મહેંદી મૂકી છે. આ ઉપરાંત જેટલા મોટા ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા ફેમિલી છે ત્યાં પણ મહેંદી મૂકવા માટે તેમની જ પસંદગી કરવામાં આવે છે.

# બીજા દિવસે L&T પ્લાન્ટમાં કામદારોનું હલ્લાબોલ

**ગઇકાલની** ઘટનામાં પોલીસે કામદારો સામે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કર્યો

**ગુરુવારે** ટોળાને કાબૂમાં લેવા 10 રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું

**ટીયરગેસના** 36 સેલ છોડી 10 હેન્ડગ્રેનેડ ફેંકાયા હતા

સુરત : હજીરાની ઔદ્યોગિક વસાહતમાં આજે શુક્રવારે બીજે દિવસે પણ L|T પ્લાન્ટની અંદર જ કોન્ટ્રાક્ટ કર્મચારીઓએ મોરચો માંડ્યો હતો. હજારોની સંખ્યામાં કર્મચારીઓ પ્લાન્ટના પરિસરમાં એકત્ર થતા વહીવટી તંત્ર દોડતું થયું હતું. સમગ્ર વિસ્તારમાં પોલીસે ચાંપતો બંદોબસ્ત ખડકી દીધો હતો. ગત ગુરુવારના રોજ થયેલા ધીંગાણામાં હજીરા પોલીસે 40 તોફાની વિરુદ્ધ હત્યાનો પ્રયાસની કલમ હેઠળ ગુનો નોંધી 40 લોકોની ધરપકડ કરી છે.કોર્ટે તમામને આવતી કાલ સુધી પોલીસ રિમાન્ડ પર રાખવાનો હુકમ કર્યો છે.

હજીરાને એમએનએસ કંપનીમાં એલ એન્ટ ટીના કર્મચારીઓ ગઈકાલે હિંસા પર ઉતરી આવ્યા હતા. અને પથ્થરમારો કરીને વાહનોમાં તોડફોડ કરી આગચંપી કરી હતી. જેમાં સાત જેટલી કારને નુકસાન થયું હતું. જ્યારે એક વાન તથા ચાર બાઈકને સળગાવી દીધી હતી. પોલીસે ટોળાને કાબુમાં લેવા માટે 36 જેટલા ટિયરગેસના સેલ છોડ્યા હતા. તેમજ 6 હેન્ડગ્રેનેડ ફેંક્યા હતા. તેમજ 10 રાઉન્ડ રાયફલમાંથી હવામાં ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પોલીસે બળ પ્રયોગ કરીના 40 જણાની અટક કરી હતી. જ્યારે એકથી દોઢ કલાકમાં પરિસ્થિતી થાડે પડી હતી.આ તોફાનમાં ડીસીબી શેફાલી બારવાલ થતા પીઆઈ વી.એલ પરમાર અને પો.કો વિજયને ઈજા થઈ હતી. આ ઘટનાને પગલે પીઆઈએ હજીરા

...અનુસંધાન પાના ૭ પર

### ગંભીર હિંસાની ઘટનાઓને પગલે પોલીસ હવે 'એક્શન મોડ'માં છે:

- હત્યાના પ્રયાસનો ગુનો: પોલીસે કુલ 40 ઓળખાયેલા શખ્સો સામે IPC કલમ 307 (હત્યાનો પ્રયાસ) હેઠળ ગુનો નોંધી તેમની અટકાયત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.
- અજ્ઞાત ટોળા સામે ફરિયાદ: હિંસામાં સામેલ 300થી વધુ અજ્ઞાત લોકો વિરુદ્ધ પણ કાયદેસરની ફરિયાદ દાખલ કરવામાં આવી છે.
- CCTV ફૂટેજથી તપાસ: પ્લાન્ટ અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે શંકાસ્પદ તોફાનીઓની ઓળખ તેજ કરવામાં આવી છે.

### લેબર ડિપાર્ટમેન્ટે હજીરાની એએમએનએસ કંપની પાસે કોન્ટ્રાક્ટને લગતા કાગળો મંગાવ્યા

સુરતઃ હજીરાની એએમએનએસ કંપનીમાં ગઇકાલે કર્મચારીઓએ મચાવેલા તોફાન બાદ શુક્રવારે રાજ્ય સરકારના લેબર વિભાગની સુરત ટીમે કંપનીમાં તપાસ શરૂ કરી છે. કંપની પાસે લેબર કોન્ટ્રાક્ટ રિલેટેડ તમામ ડોક્યુમેન્ટ્સ મંગાવ્યાં છે. તે ઉપરાંત લેબર યુનિયનના લીડરની પણ તપાસ શરૂ કરાઇ છે. લેબર વિભાગે બે દિવસથી હજીરામાં ધામા નાંખ્યા હતા. પરંતુ પોલીસ સાથે કામદારોના ઘર્ષણને લીધે હજી નેતા

...અનુસંધાન પાના ૭ પર

# બંધ પડેલી ઘાના એરવેઝ ફરી શરૂ કરવા સુરતની કંપનીએ બેઠક કરી

**પ્રોજેક્ટ** વાયેબલ હશે અને અમારી ટર્મ કન્ડિશન મુજબ રહેશે તો તબક્કાવાર 1000 કરોડના રોકાણ સાથે એરલાઈન્સ કંપની અને ઘાના - નાઇજીરીયા વચ્ચે રો-રો ફેરી સેવા શરૂ કરીશું

**સુરતની** ડીટોક્સ ગ્રુપ ઓફ કંપનીએ ગવર્નમેન્ટ ઓફ ઘાનાને લેટર ઓફ ઇન્ટ્રેસ્ટ રજૂ કર્યું, 20 માર્ચે ચર્ચા માટે ઘાના સરકારે આમંત્રણ પાઠવ્યું

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા તા. 14 ફેબ્રુઆરીથી 21 ફેબ્રુઆરી, 2026 દરમિયાન ઉપતશોક જીરાવાળાના નેતૃત્વમાં ઘાના અને કેન્યા દેશોની ઉચ્ચસ્તરીય બિઝનેસ ડેલિગેશન મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવાનો, નવા રોકાણની તકો શોધવાનો અને વૈશ્વિક સ્તરે વ્યાપારિક સહકારને પ્રોત્સાહન આપવાનો હતો.

સુરતથી ગયેલા આ બિઝનેસ ડેલિગેશનને રિપબ્લિક ઓફ ઘાના ની સરકારના જુદા જુદા વિભાગોના મંત્રીઓ,આર્મીના અધિકારીઓએ ઘાના માં મૂડીરોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું. એના ભાગરૂપે સુરતની ડીટોક્સ ગ્રુપ ઓફ કંપનીના વરુણ ચેતન કોન્ટ્રાક્ટરે બંધ પડેલી ઘાના એરવેઝને એરલાઈન્સને ફરી કાર્યરત કરવા લેટર ઓફ ઈન્ટ્રેસ્ટ (LOI) આપ્યું હતું.એ ઉપરાંત ઘાના ને નાઈજીરિયા સાથે જોડતી રોપેક્ષ ફેરી સર્વિસ શરૂ કરવા પણ બેઠક યોજી હતી.ગલ્ફ ઓફ ગિની અને ગવર્નમેન્ટ ઓફ ઘાના ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ હેઠળ પોતાની ઈન્ટરનેશનલ એરલાઈન્સ કંપની ફરી શરૂ કરવા માંગે છે.એવિયેશન સેક્ટરમાં આ પ્રપોઝલ વાયેબલ છે કે કેમ? ટર્મ એન્ડ કન્ડીશન અમારે અનુરૂપ હશે તો અને આગામી 5 વર્ષમાં એવિયેશન અને ફેરી સર્વિસ

...અનુસંધાન પાના ૭ પર

### ઘાના એરવેઝનો રિવાઈવલ પ્રોજેક્ટ મળે તો સુરતનો બાયલેટરલ કરારમાં સમાવેશ થઈ શકે

એવિયેશન સેક્ટરના જાણકાર કહે છે કે, જો સુરતની કંપની આયોજનપૂર્વક આગળ વધે તો સુરતને એનો લાભ થઈ શકે છે. ઘાના - ઇન્ડિયા ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ અત્યારે ડ્રાફ્ટ લેવલે છે.એવી સ્થિતિમાં ઘાના એરવેઝનો રિવાઈવલ પ્રોજેક્ટ મળે તો સુરતનો બાયલેટરલ કરારમાં સમાવેશ થઈ શકે.સુરતની કંપની સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પર MRO સેક્ટરમાં પણ જોડાઈ શકે છે.

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M. 81539 99901
ગુજરાતમિત્ર

# આજે બોર્ડની બીજી પરીક્ષા માટે તંત્ર સજ્જ

**બોર્ડની** પહેલી પરીક્ષામાં વિદ્યાર્થીઓ ખુશખુશાલ જોવા મળ્યા હતા

સુરત : હાલમાં બોર્ડની પરિક્ષા ચાલી રહી છે અને પહેલું પેપર પૂર્ણ થઈ ગયું છે ત્યારે ફરીથી તંત્ર આજે બીજી પરીક્ષા માટે સજ્જ થઈ ગયું છે. પહેલા દિવસે પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ તો ખુશખુશાલ મુદ્રામાં જોવા મળ્યા હતા ત્યારે હવે બીજા દિવસની પરીક્ષા કેવી રહેશે તેની પર સૌની નજર રહેશે. આ પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓએ મોડી રાત સુધી તનતોડ મહેનત કરી છે. આ કેરિયર ઈયર હોવાથી વિદ્યાર્થીઓ સાથે વાલીઓની પણ કસોટી થઈ રહી છે. કાલે ધો.10ની વિજ્ઞાનની સૌથી મહત્વની પરીક્ષા માનવામાં આવે છે.

### આજે યોજાનારી પરીક્ષા

| | |
|---|---|
| ધો.10 | વિજ્ઞાન |
| ધો.12 | સા.પ્ર વાણિજ્ય વ્યવસ્થા |
| ધો.12 | વિ.પ્ર. રસાયણ વિજ્ઞાન |


બોમ્બે માર્કેટ ઉમરવાડા, સુરત-૧૦
તા.૪-૩-૨૦૨૬ ને બુધવારના રોજ
ધૂળેટી નિમિત્તે
માર્કેટ સંપૂર્ણપણે બંધ રહેશે.
તા.૫-૩-૨૦૨૬ ને ગુરૂવારથી માર્કેટ રાબેતા મુજબ ચાલુ રહેશે.
નોંધ: દર રવિવારે માર્કેટ બંધ રહેશે.



જય શ્રી સ્વામી નારાયણ
બીજી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
માતૃદેવો ભવ
માતાશ્રી ના ચરણ માં કોટિકોટિ પ્રણામ
અમારા પરિવાર પર સતત તમારા આર્શીવાદ વરસાવતા રહે એજ પ્રાર્થના...
સ્વ.શાંતાબેન મોતીરામ ગટોરવાળા
જન્મ તા. ૦૬.૦૮.૧૯૨૭
સ્વ.તા.૨૮.૦૨.૨૦૨૪
લિ.
લલીતકુમાર મોતીરામ ગટોરવાળા (પુત્ર)
પ્રમેશકુમાર મોતીરામ ગટોરવાળા (પુત્ર)
નિર્મળાબેન કાંતિલાલ ભુતવાળા (પુત્રી)
સ્વ.મોતીરામ નગીનદાસ ગટોરવાળા
પરિવારના જયશ્રી સ્વામીનારાયણ




॥ જય સ્વામીનારાયણ ॥
૧૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ
કરૂણા જેમનાં હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતું,
કોઈના દુઃખે દુઃખી અને કોઈના સુખે સુખી,
એવો જેમનો જીવનમંત્ર હતો,
એવા પુણ્યશાળી આત્માને ભાવભીની શ્રદ્ધાંજલિ..
સ્વ.રાવજીભાઈ શંકરભાઈ પટેલ
જન્મ તા.૧૪/૧/૧૯૩૮
સ્વ.તા. ૨૮/૨/૨૦૦૮
લિ.
ગં.સ્વ. વિમળાબેન રાવજીભાઈ પટેલ
હરીશભાઈ રાવજીભાઈ પટેલ (એડવોકેટ)
વિનોદભાઈ રાવજીભાઈ પટેલ
રાજેન્દ્રકુમાર રાવજીભાઈ પટેલ
સુરેશભાઈ રાવજીભાઈ પટેલ
૨૦૧-૨૦૨, આલીશાન એપાર્ટમેન્ટ, સીટીલાઈટ રોડ, સુરત.



દુઃખદ અવસાન / બેસણું
દિલગીરી સહ જણાવવાનું કે, મારા, પિતાશ્રી મણિલાલભાઈ કાનજીભાઈ ઉમરીયાનું તા. ૨૬.૦૨.૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.
પ્રભુ સદ્‌ગતનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રભુ પ્રાર્થના.
સદ્‌ગતની પ્રાર્થનાસભા
તા. ૦૧.૦૩.૨૦૨૬ને રવિવારના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે 'સિંધી સમાજ ભવન' વિજય ગારમેન્ટની બાજુમાં, રામનગર, રાંદેરરોડ, સુરત. મુકામે રાખેલ છે.
સ્વ. મણિલાલભાઈ કાનજીભાઈ ઉમરીયા
સ્વ. તા. ૨૬.૦૨.૨૦૨૬
સદ્‌ગતની બારમાની વિધી તા. ૦૯.૦૩.૨૦૨૬ને સોમવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે અમારા નિવાસસ્થાને રાખવામાં આવેલ છે.
લિ.
મિતેષ એમ. ઉમરીયા (પુત્ર) વૈશાલી એમ. ઉમરીયા (પુત્રવધુ)
હિતેષ એમ. ઉમરીયા (પુત્ર) પ્રતિભા એચ. ઉમરીયા (પુત્રવધુ)
ભૌમિક એમ. ઉમરીયા (પુત્ર) ફાલ્ગુની બી. ઉમરીયા (પુત્રવધુ)
ડૉ. ધ્રુવમ, લબ્ધિ, માધવન, ભવ્યા, ધૃષ્ટિ, યુગ
: નિવાસસ્થાન :
એ/પ૪, ભાગ્યલક્ષ્મી સોસાયટી, રામનગર, રાંદેરરોડ, સુરત.



॥ रस्म पगड़ी॥
अत्यंत दुःख के साथ सूचित करना पड़ रहा है कि हमारी पूजनीय माताजी
श्रीमती कृष्णा देवी मनोहरलालजी भाटिया
अपनी सांसारिक यात्रा पूर्ण करके 16-02-2026 को
प्रभु चरणों में लीन हो गए है उनकी आत्मिक शांति
के लिए श्रद्धांजलि सभा एवं रस्म पगड़ी
28-02-2026 शनिवार को दोपहर 2:00 से 3:00 बजे तक रखी गयी है ।
स्थल:- महाराजा अग्रसेन पैलेस , द्वारका हॉल, सिटीलाईट- सूरत
शोकाकुल
गुलशन भाटिया दिनेश भाटिया, रमेश भाटिया ( पुत्र )
93273-35565 • 93747-24994 • 93745-13808
प्रतिष्ठान
के डी भाटिया डाइंग एंड प्रिंटिंग मिल्स प्रा.लिमिटेड
के डी भाटिया सिल्क मिल्स • के डी भाटिया क्रिएशन



દ્વિતીય વાર્ષિક પૂણ્યતિથિ
મનુષ્યનું જીવન મળવું એ ભાગ્યની વાત છે,
મૃત્યુ થવું એ સમયની વાત છે.
પરંતુ મૃત્યુ પછી પણ મનુષ્યના હૃદયમાં જીવિત રહેવું એ જિંદગીમાં કરેલા સારા કર્મોની વાત છે.
તમે અમારા હૃદયમાં સ્મૃતિરૂપે કાયમ જીવિત છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.
સ્વ. ગણેશભાઈ મોહનલાલ ચારણાવાળા
જન્મ તા. ૨૦/૦૯/૧૯૬૪
સ્વ.તા. ૨૯/૦૨/૨૦૨૪
અર્પણકર્તા
સમસ્ત ચારણાવાળા પરિવારના જયશ્રીકૃષ્ણ



માહ્યાવંશી પિયરપક્ષનું સંયુક્ત બેસણું
પારડી ઝાંખરીવાલા પરિવાર સ્વ. કાશીબેન અને સ્વ. સોમાભાઈ બાવજી સુરતી પરિવારનું ફુલે પુંજેલું રામીબેનરૂપી પુષ્પ વિખરાયું.
અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારા સૌથી વડીલ નણંદબા રામીબેન ગોવિંદજી કંથારીયા તા.૨૦.૦૨.૨૦૨૬ શુક્રવારના રોજ દેલવોક પામ્યા છે. પરમાત્મામાં વિલિન થયેલ અમારા ચહબરના આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એજ અમારી પ્રભુ વંદના.
સદ્‌ગતનું બેસણું તા.૦૧.૦૩.૨૦૨૬ રવિવારના રોજ સમય સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાકે 'હાશ' વૈશાલી બંગલો, કાસલા બુજરંગ, તા. ઓલપાડ ખાતે રાખવામાં આવેલ છે.
સ્વ. રામીબેન ગોવિંદજી કંથારીયા
સ્વ. તા. ૨૦.૦૨.૨૦૨૬
પિયર પક્ષ: લિ.
સ્વ. જયંતિલાલ સોમાભાઈ સુરતી
ગં.સ્વ. રક્ષાબેન જયંતિલાલ સુરતી
ધર્મેશ જયંતિલાલ સુરતી
મિત્તલ ધર્મેશભાઈ સુરતી
કૃણાલ જયંતિલાલ સુરતી
જેમિની કૃણાલ સુરતી
લીના જયંતિલાલ સુરતી
શિવાંશી ધર્મેશ સુરતી - યાના કૃણાલ સુરતી
શ્રી શાંતિલાલ ગોવિંદજી કંથારીયા (LIC)
શ્રી ડી. જી. કંથારીયા (Rtd. Dy. SP.) (ગુજરાત પોલીસ)
સ્વ. રમેશચંદ્ર ગોવિંદજી કંથારીયા
ઈન્દુમતિ એમ. કરંજીયા - સીમાડા
રક્ષાબેન રાજુભાઈ ચાવડા - આંબોલી
કાસલા બુજરંગ, તા. ઓલપાડ